Gujarat School Quality Accreditation Council (GSQAC)ને રાજ્યના State School Standards Authority (SSSA) તરીકે જાહેર કરવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2025/4697/N

સચિવાલય, ગાંધીનગર

તા. ઈ સાઇન મુજબ.

<u>વંચાણે લીધાં:</u>

1. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, પ્રકરણ 8 નો પેરા ક્રમાંક 8.5 (C)
2. રાજ્યમાં SSSAની સ્થાપના અંગેની કમિટીની તા.22/04/2025ની બેઠકની કાર્યવાહીનોંધ
3. GSQACની તા.18/09/2025ની સામાન્ય સભાની બેઠક કાર્યવાહીનોંધ
4. DoSEL, MoE, New Delhiનો તા.02/09/2025નો પત્ર ક્રમાંક:7-1/2025-PARAKH (SSSA)
5. શિક્ષણ વિભાગનો તા. 25/10/2019 નો ઠરાવ ક્રમાંક: જશભ/1219/સિ.ફા. 24/ન
6. શિક્ષણ વિભાગનો તા.19/07/21નો ઠરાવ ક્રમાંક:જશભ/1220/1017/ન
7. GCERTનીતા.04/02/2026ની સિંગલ ફાઇલની દરખાસ્ત

<u>પ્રસ્તાવના</u>:

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ના પ્રકરણ 8. Standard-setting and Accreditation for School Educationના પેરા ક્રમાંક 8.5 (C)માં પ્રત્યેક રાજ્ય/ પ્રદેશમાં શાળાઓના એક્રેડિટેશનના સંદર્ભમાં State School Standards Authority (SSSA) નામક સ્વાયત સંસ્થાની સ્થાપના કરવા અંગે ભલામણ કરેલ છે. આ સંસ્થાનું મુખ્ય કાર્ય રાજ્ય/ પ્રદેશમાં આવેલી શાળાઓ માટેના માનાંકોના નિર્ધારણ અને શાળાના એક્રેડિટેશનનું છે.

NEP 2020ની અમલવારી માટે કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ દ્વારા 'સાર્થક' પુસ્તિકા તૈયાર કરી તેમાં NEP 2020ના અમલીકરણના સંદર્ભમાં 297 કાર્યો નિર્ધારિત કરવામાં આવ્યા છે. જેમાંનો ટાસ્ક ક્રમાંક 212 આ પ્રમાણે છે: "States/UTs will set up an independent, State-wide, body called the State School Standards Authority (SSSA). All States/UTs to have SSSA websites by 2023."

ગુજરાતમાં વર્ષ 2019-20 શાળાઓના એક્રેડિટેશન (ગુણોત્સવ 2.0)નું કાર્ય ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ખાતે કાર્યરત ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC) દ્વારા કરવામાં આવે છે.

NEP 2020માં ભલામણ કરવામાં આવેલ SSSA અને વર્ષ 2019-20થી GCERT ખાતે કાર્યરત GSQACના મૂળભૂત હેતુ અને કાર્યો સમાન હોવાથી વંચાણે લીધેલ ક્રમાંક (2) અને (3) અન્વયે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ખાતે કાર્યરત ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC)ને રાજ્યના SSSA તરીકે જાહેર કરવા અંગે મંજૂરી પ્રાપ્ત થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (7) અનુસાર GCERT દ્વારા GCERT ખાતે તેની એક શાખા તરીકે કાર્યરત GSQACને રાજયના SSSA તરીકે જાહેર કરવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ છે, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ના પ્રકરણ 8. Standard-setting and Accreditation for School Educationના પેરા ક્રમાંક 8.5 (C)માં અને કેન્દ્ર સરકાર દ્વારા NEP 2020ના અમલીકરણના સંદર્ભમાં તૈયાર કરાયેલ 'સાર્થક' પુસ્તિકાના ટાસ્ક ક્રમાંક 212માં સૂચવ્યા અનુસાર રાજ્યમાં શાળાઓ માટેના માપદંડો નક્કી કરવા અને શાળાઓના એક્રેડિટેશન માટે રાજ્યમાં State

School Standards Authority (SSSA) નામની એક સ્વાયત સંસ્થા હોવી જરૂરી છે. પરંતુ ગુજરાતમાં વર્ષ 2019- 20 GCERT હેઠળ કાર્યરત GSQAC દ્વારા NEP 2020માં સૂચિત SSSA પ્રકારની કામગીરી કરવામાં આવતી હોવાથી રાજ્યમાં કોઇ નવી સંસ્થા સ્થાપવાના બદલે GSQACને રાજ્યના SSSA તરીકે જાહેર કરવામાં આવે છે. તથા GCERT દ્વારા તૈયાર થનાર સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કને માન્યતા આપવા માટે નીચે મુજબની સમિતિ રહેશે.

**સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કને માન્યતા (મંજૂરી) આપવા અંગેની સમિતિ**

| ક્રમ | સભ્યશ્રી | હોદ્દો |
|---|---|---|
| 1 | અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી(પ્રા.શિ.અને મા.શિ.) | અધ્યક્ષ |
| 2 | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા | સભ્ય |
| 3 | નિયામકશ્રી, શાળાઓની કચેરી | સભ્ય |
| 4 | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | સભ્ય |
| 5 | નિયામકશ્રી, જીસીઇઆરટી | સભ્ય |
| 6 | અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ | સભ્ય |
| 7 | સંયુકત નિયામકશ્રી, GSQAC,GCERT | સભ્ય |
| 8 | સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ | સભ્ય |
| 9 | નાયબ નિયામકશ્રી, GSQAC,GCERT | સભ્ય સચિવ |

NEP 2020ના અમલીકરણના હેતુથી GSQACને SSSA તરીકે જાહેર કરવાના સંદર્ભમાં નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.

1. State School Standards Authority (SSSA) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ખાતે તેની એક શાખા તરીકે કાર્ય કરશે. વંચાણે લીધેલ ક્રમાંક (5) પરના શિક્ષણ વિભાગના ઠરાવમાં નક્કી કર્યા અનુસાર SSSAના વડા GCERTના નિયામક રહેશે.
2. વંચાણે લીધેલ ક્રમાંક (6) પરના શિક્ષણ વિભાગના ઠરાવ હેઠળ મંજૂર થયેલ GSQACનું મહેકમ SSSAના મહેકમ તરીકે યથાવત રહેશે.
3. SSSA એ GCERTની એક શાખા તરીકે કાર્યરત હોવાથી SSSA માટે અલાયદી સામાન્ય સભા અને અલાયદી કાર્યવાહક સમિતિની રચના કરવાની જરૂરિયાત રહેતી નથી. આથી, હવેથી GCERTની સામાન્ય સભા અને કાર્યવાહક સમિતિની બેઠકોમાં GCERTના એક ભાગ તરીકે SSSA સંબંધિત બાબતોનો સમાવેશ કરવાનો રહેશે.
4. NEP 2020માં સૂચવ્યા અનુસાર SSSAના કાર્યક્ષેત્રમાં રાજ્યની તમામ પ્રકારની (સરકારી, અનુદાનિત અને ખાનગી) તેમજ શિક્ષણના તમામ તબક્કાઓની (ફાઉન્ડેશલ સ્ટેજ, પ્રિપેરેટરી સ્ટેજ, મિડલ સ્ટેજ અને સેકન્ડરી સ્ટેજ)ની શાળાઓનો ક્રમશ: સમાવેશ કરવાનો રહેશે.
5. NEP 2020ના પેરા ક્રમાંક 8.5 (C) અને 'સાર્થક' ટાસ્ક ક્રમાંક 212માં દર્શાવ્યા સ્કૂલ એક્રેડિટેશનના સંદર્ભમાં SSSAનું પોર્ટલ/વેબસાઇટ તૈયાર કરવાનું રહેશે.
6. ઉપરોકત પોર્ટલ/વેબસાઇટમાં શાળાઓ દ્વારા સ્વ-મૂલ્યાંકન કરી શકવાની, સ્કૂલ એક્રેડિટેશનના પરિણામો જાહેર કરવા (Public Disclosure)ની, પરિણામોના સંદર્ભમાં શાળાઓની રજૂઆતોના સ્વીકાર અને નિકાલ (Grievance Redressal)ની વગેરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરવાની રહેશે.
7. GCERTને ઉપરોક્ત સુવિધાયુકત વેબસાઇટ/પોર્ટલ તૈયાર કરવા માટે સમગ્ર શિક્ષા દ્વારા જરૂરી નાણાકીય તેમજ ટેક્નિકલ સહયોગ અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા આવશ્યક ટેક્નિકલ સહયોગ આપવાનો રહેશે.
8. NEP 2020ના પેરા ક્રમાંક 8.5 (D)માં દર્શાવ્યા અનુસાર રાજ્યની શાળાઓના એક્રેડિટેશન માટેના School Quality Assessment and Assurance Frame Work(SQAAF)ની રચના કરવાની જવાબદારી સબંધિત રાજ્યના SCERTની છે. જે અન્વયે ગુજરાતની શાળાઓના એક્રેડિટેશન માટેના SQAAFની રચના કરવાની જવાબદારી GCERTની રહેશે. NEP 2020માં સૂચવ્યા અનુસાર સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કની રચના વખતે શાળા શિક્ષણ સંબંધિત તમામ પ્રકારના હિતધારકો ખાસ કરીને શિક્ષકો અને શાળાઓનું પરામર્શન

કરવાનું રહેશે. રાજ્યની શાળાઓના એક્રેડિટેશન માટેનું ફ્રેમવર્ક તૈયાર કરતી વખતે રાષ્ટ્ર કક્ષાએથી NCERT - PARAKH સૂચિત ફ્રેમવર્કનો આધાર લેવાનો રહેશે.

9. GSQACને SSSA તરીકે જાહેર કરવાથી GSQACના બંધારણમાં આવેલ ફેરફાર અંગે આવશ્યક અનુકાર્ય (નોંધણી/ રજીસ્ટ્રેશનમાં ફેરફાર વગેરે) GCERT દ્વારા કરવાનું રહેશે.

10. રાજ્યની પ્રત્યેક શાળા સ્કૂલ એક્રેડિટેશન માટેના નિયત પોર્ટલ/ પ્લેટફોર્મ પર જઇ પોતાના સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયા પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીની રહેશે.
11. શાળાઓના સ્વ-મૂલ્યાંકન કરતી વખતે તે વાસ્તવિક્તા આધારિત હોવું જોઈએ તેની કાળજી લેવી. અવાસ્તવિક સ્વ-મૂલ્યાંકન ન થાય તેની કાળજી સબંધિત મુખ્ય શિક્ષક/આચાર્ય અને SMC/SMDC/સંચાલક મંડળે લેવાની રહેશે. સ્વ-મૂલ્યાંકન પછી બાહ્ય મૂલ્યાંકન/વેરિફિકેશન કરવામાં આવતા મૂલ્યાંકનમાં 15% થી વધુ તફાવત જણાય તો સબંધિત નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી/ કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા આ અંગેની જવાબદારી નિશ્ચિત કરવાની રહેશે.
12. જિલ્લાની શાળાઓને સ્વ-મૂલ્યાંકન માટે માર્ગદર્શિત કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની રહેશે.
13. સ્વ-મૂલ્યાંકન થયેલ રાજ્યની શાળાઓ પૈકી GCERT દ્વારા નિયત કરવામાં આવે તેટલી શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન / વેરિફિકેશન કરવામાં આવશે. શાળાઓના બાહ્ય મૂલ્યાંકન/ વેરિફિકેશનની આવૃત્તિ અને બાહ્ય મૂલ્યાંકન/ વેરિફિકેશન માટેની શાળાઓની સંખ્યા નિર્ધારિત કરવાની સત્તા સરકારશ્રીના નિયત થયેલ સુચનાનુસાર GCERTના નિયામકશ્રીની રહેશે.
14. શાળાઓના બાહ્ય મૂલ્યાંકન / વેરિફિકેશનના સંદર્ભમાં GCERTને જિલ્લા/ સ્થાનિક કક્ષાએ જરૂરી માનવ સંસાધનો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી દ્વારા ઉપલબ્ધ કરાવવાના રહેશે.

આ હુકમ સમાનાકી ફાઇલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.વી.પટેલ)

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

1. અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી (પ્રા.શિ.& મા.શિ.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
3. સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-19,ગાંધીનગર.
4. નિયામકશ્રી, જીસીઇઆરટીની કચેરી,સેક્ટર-12,ગાંધીનગર.
5. નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-19,ગાંધીનગર.
6. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-19,ગાંધીનગર.
7. અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેકટર-21, ગાંધીનગર.
8. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC),સેકટર-12,ગાંધીનગર.
9. સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેક્ટર-10 B, જૂના સચિવાલય નજીક, ગાંધીનગર.
10. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
11. પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ગાંધીનગર.
12. જિલ્લા તિજોરી અધિકારીશ્રી,તમામ(જીસીઇઆરટી કચેરી મારફત).
13. સિલેક્ટ ફાઇલ

રાજ્યમાં **School Quality Assessment And Assurance Framework (SQAAF) ના અમલીકરણ બાબત.**

**ગુજરાત સરકાર**
**શિક્ષણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: ED/Misc/e-file/3/2026/3304/N**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૧૭/૦૬/૨૦૨૬**

**વંચાણે લીધાં:**

1. **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020, પ્રકરણ 8 નો પેરા ક્રમાંક 8.5 (C) અને 8.5 (D)**
2. **DoSEL, MOE, New Delhi, SARTHAQ, Task-212 અને Task-215**
3. **GSQACની તા.18/09/2025ની સામાન્ય સભાની બેઠક કાર્યવાહીનોંધ**
4. **GSQACની તા.01/04/2026ની સમિતિઓની સંકયુક્ત બેઠક કાર્યવાહીનોંધ**
5. **School Quality Assessment and Assurance Framework (SQAAF) અંગેની માર્ગદર્શિકા**

**પ્રસ્તાવના:**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ના પ્રકરણ 8. **Standard-setting and Accreditation for School Education**ના પેરા ક્રમાંક 8.5 (D)માં જણાવ્યા પ્રમાણે રાજ્યમાં શૈક્ષણિક ધોરણો અને અભ્યાસક્રમ સહિતની શૈક્ષણિક બાબતોનું નેતૃત્વ (NCERT સાથે પરામર્શ અને સહયોગથી) SCERT દ્વારા કરવામાં આવશે. SCERT તમામ હિતધારકો (stakeholders) સાથે વ્યાપક પરામર્શ કરીને 'School Quality Assessment and Accreditation Framework' (SQAAF) વિકસાવશે.

NEP 2020ની અમલવારી માટે કેન્દ્ર સરકારના શિક્ષણ વિભાગ દ્વારા 'સાર્થક' પુસ્તિકા તૈયાર કરી તેમાં NEP 2020ના અમલીકરણના સંદર્ભમાં 297 કાર્યો નિર્ધારિત કરવામાં આવ્યાં છે. જેમાંનો ટાસ્ક ક્રમાંક 215 આ પ્રમાણે છે: 'School Quality Assessment and Accreditation Framework will be developed by SCERT as per guidelines developed by NIEPA and NCERT."

ગુજરાતમાં વર્ષ 2019 – 20થી શાળાઓના એક્રેડિટેશન (ગુણોત્સવ 2.0)નું કાર્ય ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ખાતે કાર્યરત ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC) દ્વારા કરવામાં આવે છે.

NEP 2020માં ભલામણ કરવામાં આવેલ SQAAF અને વર્ષ 2019 – 20થી GCERT ખાતે કાર્યરત GSQAC અંતર્ગત તૈયાર કરવામાં આવેલ સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કના મૂળભૂત હેતુ સમાન હોવાથી વંચાણે લીધેલ ક્રમાંક (3) અને (4) અન્વયે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) ખાતે કાર્યરત ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC) દ્વારા તૈયાર કરવામાં આવેલ School Quality Assessment and Assurance Framework (SQAAF) ના અમલીકરણ દ્વારા રાજ્યની તમામ પ્રકારની (સરકારી, અનુદાનિત અને બિન–અનુદાનિત) શાળાઓને એક્રેડિટેડ કરવા અંગે મંજૂરી પ્રાપ્ત થયેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (4) અનુસાર GCERT ખાતે કાર્યરત GSQAC દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ની ભલામણો અનુસાર NCERT-PARAKH, પી.એમ.શ્રી શાળાઓ તેમજ CBSE શાળાઓના એક્રેડિટેશન ફ્રેમવર્ક અને રાજ્યના ગુણોત્સવ 2.0ના ફ્રેમવર્કનો તુલનાત્મક અભ્યાસ કરીને એક વિસ્તૃત School

Quality Assessment and Assurance Framework (SQAAF) તૈયાર કરવામાં આવેલ છે. GSQAC દ્વારા તૈયાર કરવામાં આવેલ આ સાથે બિડાણમાં સામેલ રાખેલ વિસ્તૃત સ્કૂલ એક્રેડિટેશન ફ્રેમવર્કને મંજૂરી આપવાનું અને આ ફ્રેમવર્ક દ્વારા રાજ્યની તમામ પ્રકારની શાળાઓના (સરકારી, અનુદાનિત અને બિન-અનુદાનિત) એક્રેડિટેશનની કાર્યપદ્ધતિ નક્કિ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાનાં અંતે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ના પ્રકરણ 8. **Standard-setting and Accreditation for School Education**ના પેરા ક્રમાંક 8.5 (D)માં અને કેન્દ્ર સરકાર દ્વારા NEP 2020ના અમલીકરણના સંદર્ભમાં તૈયાર કરાયેલ 'સાર્થક' પુસ્તિકાના ટાસ્ક ક્રમાંક 215માં સૂચવ્યા અનુસાર SCERT દ્વારા શાળાઓના એક્રેડિટેશન માટે NIEPA અને NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ ગાઈડલાઈન પ્રમાણેનું 'School Quality Assessment and Accreditation Framework ' (SQAAF) વિકસાવવું જરૂરી છે. ગુજરાતમાં વર્ષ 2019 – 20થી GCERT ખાતે કાર્યરત GSQAC દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020ની ભલામણો અનુસાર NCERT-PARAKH, પી.એમ.શ્રી શાળાઓ તેમજ CBSE શાળાઓના એક્રેડિટેશન ફ્રેમવર્ક અને રાજ્યના ગુણોત્સવ 2.0ના ફ્રેમવર્કનો તુલનાત્મક અભ્યાસ કરીને એક વિસ્તૃત School Quality Assessment and Assurance Framework (SQAAF) – 2026 તૈયાર કરવામાં આવેલ છે, જે ફ્રેમવર્કને આથી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

**NEP 2020ના અમલીકરણના હેતુથી GSQAC દ્વારા તૈયાર કરવામાં આવેલ SQAAFના સંદર્ભમાં નીચે મુજબની બાબતો ધ્યાને લેવાની રહેશે.**

1. NEP 2020માં સૂચવ્યા અનુસાર SQAAF અંતર્ગત કરવાના થતાં સ્કૂલ એક્રેડિટેશનના કાર્યક્ષેત્રમાં રાજ્યની તમામ પ્રકારની (સરકારી, અનુદાનિત અને બિન-અનુદાનિત) તેમજ શિક્ષણના તમામ તબક્કાઓની (ફાઉન્ડેશનલ સ્ટેજ, પ્રિપેરેટરી સ્ટેજ, મિડલ સ્ટેજ અને સેકન્ડરી સ્ટેજ)ની શાળાઓનો ક્રમશ: સમાવેશ કરવાનો રહેશે.
2. GCERT ખાતે કાર્યરત GSQAC દ્વારા શૈક્ષણિક પરિણામોમાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે સમયાંતરે આ ફ્રેમવર્કમાં વધારાના પરિમાણો/માપદંડો વિકસાવવાના રહેશે. અને જરૂર જણાયે હાલના પરિમાણો/માપદંડોમાં ફેરફાર કરવાનો રહેશે.
3. NEP 2020ના અમલીકરણના સંદર્ભમાં તૈયાર કરાયેલ 'સાર્થક' પુસ્તિકાના ટાસ્ક ક્રમાંક 215માં સૂચવ્યા અનુસાર SSSA (State School Standards Authority) દ્વારા SQAAFનું અમલીકરણ કરવામાં આવશે. સ્કૂલ એક્રેડિટેશનના સંદર્ભમાં SSSA અંતર્ગત આ પોર્ટલ/વેબસાઇટ તૈયાર કરવાની રહેશે.
4. ઉપરોક્ત પોર્ટલ/વેબસાઇટમાં શાળાઓ દ્વારા સ્વ-મૂલ્યાંકન કરી શકવાની, સ્કૂલ એક્રેડિટેશનના પરિણામો જાહેર કરવા (Public Disclosure)ની, પરિણામોના સંદર્ભમાં શાળાઓની રજૂઆતોના સ્વીકાર અને નિકાલ (Grievance Redressal)ની વગેરે જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની રહેશે.
5. GCERT/GSQACને ઉપરોક્ત સુવિધાયુકત વેબસાઇટ/પોર્ટલ તૈયાર કરવા માટે સમગ્ર શિક્ષા દ્વારા જરૂરી નાણાકીય તેમજ ટેક્નિકલ સહયોગ અને વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા આવશ્યક ટેકિનકલ સહયોગ આપવાનો રહેશે.
6. રાજ્યની પ્રત્યેક શાળા સ્કૂલ એક્રેડિટેશન માટેના નિયત પોર્ટલ/ પ્લેટફોર્મ પર જઇ પોતાના સ્વ-મૂલ્યાંકનની પ્રક્રિયા પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની રહેશે.

7. સ્વ-મૂલ્યાંકન કરતી વખતે શાળાઓ વાસ્તવિકતા આધારિત મૂલ્યાંકન કરે અને અવાસ્તવિક સ્વ-મૂલ્યાંકન ન થાય તેની કાળજી સંબંધિત મુખ્ય શિક્ષક/આચાર્ય અને SMC/સંચાલક મંડળે લેવાની રહેશે. સ્વ-મૂલ્યાંકન પછી યથાસ્થિતિ બાહ્ય મૂલ્યાંકન/ વેરિફિકેશનમાં 15% થી વધુ તફાવત જણાય તો સંબંધિતો સામે નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણની કચેરી/ કમિશ્નરશ્રી શાળાઓની કચેરી દ્વારા આ અંગેની જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે.
8. જિલ્લાની શાળાઓને સ્વ-મૂલ્યાંકન માટે માર્ગદર્શિત કરવાની જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની રહેશે.
9. સ્વ-મૂલ્યાંકન થયેલ શાળાઓ પૈકી GCERT/GSQAC દ્વારા નિયત કરવામાં આવે તેટલી શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન / વેરિફિકેશન કરવામાં આવશે. શાળાઓના બાહ્ય મૂલ્યાંકન/ વેરિફિકેશનની આવૃત્તિ અને બાહ્ય મૂલ્યાંકન/ વેરિફિકેશન માટેની શાળાઓની સંખ્યા નિર્ધારિત કરવાની સત્તા નિયામક- GCERTની રહેશે.
10. શાળાઓના બાહ્ય મૂલ્યાંકન / વેરિફિકેશનના સંદર્ભમાં GCERT/GSQACને જિલ્લા/ સ્થાનિક કક્ષાએ જરૂરી માનવ સંસાધનો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારી દ્વારા ઉપલબ્ધ કરાવવાનાં રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાનાંકી ઈ-ફાઈલ પર સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

- **School Quality Assessment and Assurance Framework (SQAAF) અંગેની માર્ગદર્શિકા આ સાથે સામેલ રાખેલ છે.**

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અરવિંદસિંહ વાઘેલા)

ઉપસચિવ,

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

1) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનુ કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.
2) માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.
3) માન. રા.ક. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર.
4) અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5) અગ્ર સચિવશ્રી(પ્રા. અને મા.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
6) સ્ટેટ પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિદ્યા સમિક્ષા કેન્દ્ર, સેક્ટર-19, ગાંધીનગર.
7) નિયામકશ્રી, જીસીઇઆરટીની કચેરી, સેક્ટર-12,ગાંધીનગર.

8) નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-19, ગાંધીનગર.

9) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-19, ગાંધીનગર.

10) અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-21, ગાંધીનગર.

11) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત સ્કૂલ ક્વૉલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (GSQAC), સેક્ટર-12, ગાંધીનગર.

12) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-10 B, જૂના સચિવાલય નજીક, ગાંધીનગર.

13) નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.

14) જિલ્લા કક્ષાની સંબંધિત કચેરીઓ(જીસીઇઆરટી કચેરી મારફત).

15) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

16) પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ગાંધીનગર.

17) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ(જીસીઇઆરટી કચેરી મારફત).

18) સિલેક્ટ ફાઇલ